# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-07-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## લોકસભા-ઓપરેશન સિંદુર -:

લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા આજે ફરી ચાલુ રહેશે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ગઈકાલે પહેલગામ આતંકવાદી હુમલા પર ભારતના મજબૂત, સફળ અને નિર્ણાયક ઓપરેશન પર ચર્ચા શરૂ કરી હતી. રાજનાથ સિંહે કહ્યું હતું કે સરકારે પાકિસ્તાનને મજબૂત સંદેશ આપ્યો છે કે આતંકવાદ અને વાટાઘાટો સાથે ન ચાલી શકે. તેમણે કહ્યું હતું કે, પહલગામમમાં પ્રવાસીઓ પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો અને 100થી વધુ આતંકવાદીઓને મારીને નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 આજે 5 વર્ષ પૂર્ણ કરે છે. તેનો ઉદ્દેશ્ય શિક્ષણને બધા માટે સુલભ, ગુણાત્મક અને સર્વાંગી બનાવવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ભારતની શાળાઓને શિક્ષણના સ્થળોમાં પરિવર્તિત કરવાની મહત્વાકાંક્ષી યોજના છે જ્યાં શિક્ષણ ફક્ત પાઠ્યપુસ્તકો, ગુણ અથવા ગોખણપટ્ટી સુધી મર્યાદિત નથી. છેલ્લા પાંચ વર્ષોમાં, આ નીતિએ ભારતમાં વધુ સમાવિષ્ટ, શીખનાર-કેન્દ્રિત અને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણ પ્રણાલીનો પાયો નાખ્યો છે.

-----------------------------------------------------------------------------------------

## ભારતીય સેના-ઓપરેશન મહાદેવ:

ભારતીય સેનાએ તેના એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઓપરેશન મહાદેવ હેઠળ ગઇકાલે શ્રીનગરના હરવાનના લિદ્વાસ વિસ્તારમાં અથડામણમાં ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. સેનાએ કહ્યું કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. કાશ્મીરના આઇજીપીએ આકાશવાણી સમાચાર, શ્રીનગરને જણાવ્યું હતું કે મૃત આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

---

## શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય રદ -:

સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિવૃત શિક્ષકોની ભરતીના નિર્ણયને રાજ્ય સરકારે રદ કર્યો છે. અગાઉ શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ રહેલી ખાલી જગ્યા પર વચગાળાની વ્યવસ્થારૂપે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાનો નિર્ણય કરાયો હતો.

---

## ભુજિયાનો મેળો :

કચ્છનું પાટનગર ભુજ જેની ગોદમાં વસ્યું છે એ ભુજીયા કિલ્લાની તળેટીમાં આજે નાગપંચમી નિમિતે  મેળો ભરાશે. ઐતિહાસિક જાણકારી મુજબ ભુજ શહેરની સુરક્ષા માટે કચ્છના રાજવી રાવગોડજી અને  દેશલજી પ્રથમના શાસન કાળમાં 520 ફુટની ઊંચાઈ ધરાવતા કિલ્લાનું નિર્માણ થયું હતું. રાજાશાહી પરંપરા મુજબ આજે મેળાના પ્રારંભે રાજવી પરિવાર દ્વારા તળેટીમાં આવેલ ભુજંગ નાગની  દેરીએ નાગ દેવતાનું પૂજન કરવામાં  આવે છે. લોકો ભુજીયાનાં શિખર પર  ચડવાનો આનંદ માણે છે. 2001ના ભૂકંપ પછી ભુજીયા કિલ્લા વિસ્તારમાં સ્મૃતિ વનનું નિર્માણ થયું છે મેઘરાજાની મહેર થી ડુંગર પર હરિયાળી છવાઈ છે. જેથી લોકોમાં મેળો માણવાનો અનેરો આનંદ જોવા મળે છે.

---

## રાજ્ય-અનુસુચિત જાતિ ધિરાણ:

રાજ્યના અનુસુચિત જાતિના 665 લાભાર્થીને સાત કરોડ 32 લાખ રૂપિયાથી વધુનું ધિરાણ અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા ગઇકાલે પસંદગી કરી હતી. પસંદગી પામેલા લાભાર્થીઓને નજીવા દરે ધિરાણ અપાશે. કુલ 337 લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ગઈકાલે 665 પસંદગી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-પીએમ જનમન યોજનામાં મોખરે:

પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન એટલે કે પીએમ જનમનના અમલીકરણમાં જુલાઈ 2025 માટે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે  રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર પીએમ જનમન હેઠળ રાજયમાં પીએમ આવાસ-ગ્રામીણ યોજના અંતર્ગત 12 હજાર 489 આવાસો મંજૂર કરાયા છે. આરોગ્ય, શિક્ષણ તેમજ આજીવિકામાં અંતરને દૂર કરીને ખાસ નબળા આદિવાસી જૂથોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવાનો પીએમ જનમન યોજનાનો ઉદ્દેશ છે.

---------------------------------------------------------------------------------------------

## અંજાર-ખોખરામાં  ખેડુતો માટે તાલીમ:

ભચાઉ વિભાગીય સંશોધન કેન્દ્ર અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના સંયુક્ત ઉપક્રમે અંજાર તાલુકાના ખોખરામાં  ખેડૂતો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. સરદાર કૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં 214 ખેડૂત ઉપસ્થિત રહ્યા હતા. ખરીફ પાકોના રોગ-જીવાતના નિયંત્રણ તથા ટકાઉ ખેતી મુદ્દા ઉપર ખાસ ભાર મુકાયો હતો. ખેડૂતોએ ઉપયોગી સામગ્રી પ્રાપ્ત કરી કિચન ગાર્ડન કિટ, ટ્રાયકોટર્મા, એન.પી.કે. બેક્ટેરિયા અને બ્રુવેરિયા બેસિના તથા ખેડૂતોને

કપાસ, એરંડા અને શાકભાજીમાં આવતી જીવાતો અને ખાતરના પ્રશ્નોત્તરી અંગે માર્ગદર્શન અપાયુ હતું.

---

## ભુજ-સર્વમંગલ આરોગ્યધામ સેમિનાર:

કિડની જેવા અગત્યના અંગને સ્વસ્થ રાખવાના અને કિડનીના રોગોથી પીડાતા દર્દીઓને માર્ગદર્શન આપવાના હેતુથી ભુજમાં સર્વમંગલ આરોગ્યધામ ખાતે બે ઓગસ્ટ શનિવારે વિશેષ સેમિનારનું આયોજન કરાયું છે. જૈન મેડિકલ અને એજ્યુકેશન ટ્રસ્ટ તથા અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસોથી રાષ્ટ્રીય અંગદાન દિવસના ભાગરૂપે આયોજિત આ સેમિનારમાં વિવિધ વિષયના નિષ્ણાતો 'કિડની' માટે જરૂરી આહાર, કસરતો અને અન્ય વિષયોની સમજ આપશે. આ સેમિનારમાં વિવિધ મેડિકલ શાખાઓના વિશેષજ્ઞો દ્વારા કિંડની જેવા મહત્ત્વના અંગની જાળવણી અંગે સંવાદ કરવામાં આવશે.

---

## શિક્ષણ બોર્ડ-પ્રથમ પરીક્ષા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રાજ્યભરની સ્કૂલોની પ્રથમ પરીક્ષા કેલેન્ડર મુજબ 11 સપ્ટેમ્બરથી શરૂ થવાની હતી જે 20 સપ્ટેમ્બર સુધી ચાલવાની હતી.પ્રથમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા અંગે શૈક્ષણિક સંઘની રજૂઆતને ધ્યાને લઈ બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.હવે આ પરીક્ષા 3 ઓક્ટોબરથી 13 ઓક્ટોબર દરમિયાન લેવામાં આવશે.

અગાઉ યોજાનાર પરીક્ષામાં જુન થી ઓગસ્ટ માસ સુધીનો અભ્યાસક્રમ લેવાનો હતો.પરંતુ હવે તેની જગ્યાએ પરીક્ષાની તારીખમાં ફેરફાર થતા અભ્યાસક્રમ પણ જૂન માસથી સપ્ટેમ્બર માસ સુધીનો લેવામાં આવશે.

---